# Official Spokesperson's response to media queries on the the issuance of a Joint Declaration between the Afghan and US Governments in Kabul and signing of the US-Taliban Agreement in Doha

February 29, 2020

## અફઘાન અને યુએસ સરકારો વચ્ચે કાબુલમાં જોઈન્ટ ડીક્લેરેશન જારી કરવા પર અને દોહામાં યુએસ-તાલિબાન સમજૂતિ પર હસ્તાક્ષર કરવા પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

ફેબ્રુઆરી 29, 2020

અફઘાન અને યુએસ સરકારો વચ્ચે કાબુલમાં જોઈન્ટ ડિક્લેરેશન જારી કરવા પર અને દોહામાં યુએસ-તાલિબાન સમજૂતિ પર હસ્તાક્ષર કરવા પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી રવીશ કુમારે કહ્યું હતું:

"ભારતની સાતત્યપૂર્ણ નીતિ એવી તમામ તકોને સમર્થન આપવાની છે જે અફઘાનિસ્તાનમાં શાતિ, સુરક્ષા અને સ્થિરતા લાવી શકે; હિંસા સમાપ્ત કરી શકે; આંતરરાષ્ટ્રિય આતંકવાદ સાથેનાં જોડાણો કાપી શકે; અને અફઘાનની આગેવાનીમાં, અફગાનની માલિકીમાં અને અફઘાન નિયંત્રિત પ્રક્રિયા મારફત દિર્ઘકાલીન રાજકીય પતાવટ તરફ દોરી જઈ શકે.

અમે નોંધ લઈએ છીએ કે સરકાર, લોકતાંત્રિક રાજકીયતા અને સિવિલ સોસાયટી સહિત અફઘાનિસ્તાનમાં સમગ્ર રાજકીય પટલ દ્વારા આ તકને આવકારવામાં આવી છે અને આ સમજૂતિઓ દ્વારા શાંતિ અને સ્થિરતા નિર્માણ થવાની અપેક્ષા રાખવામાં આવે છે.

લગોલગ આવેલા પાડોશી તરીકે, અફઘાન સમાજનાં તમામ વર્ગોનાં હિતોનું રક્ષણ થાય તેવા શાંતિપૂર્ણ, લોકતાંત્રિક અને સમૃદ્ધ ભવિષ્ય માટેની અફઘાનિસ્તાનનાં લોકોની આકાંક્ષાઓ સાકાર કરવામાં ભારત અફઘાનિસ્તાનની સરકાર અને લોકોને સંપૂર્ણ સમર્થન આપવાનું ચાલું રાખશે."

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 29, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.